# શ્રી કે.પી.જાની, પ્રીસાઈડીંગ ઓફીસર, ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ, સુરત સમક્ષ. મુ.સુરત.

**આંક–૬૪**

## રેફરન્સ (આઈ.ટી.) નંબર ૫૩/૧૯૯૯

ગુજરાત રાજય વિદ્યુત કોર્પોરેશન લી.,
ઉકાઈ, તા.સોનગઢ,
જી.સુરત. ... ... ... **પ્રથમ પક્ષકાર**

**વિરુઘ્ઘ**

બીજલી મજદુર પંચાયત,
૪૦૫, રીલીફ શોપીગ સેન્ટર,
જી.પી.ઓ., અમદાવાદ. ... ... ... **બીજા પક્ષકાર**

**પ્રતિનિધિત્વ :–**
**પ્રથમ પક્ષકાર તરફે : વિઘ્વાન વકીલ શ્રી કે.એન. ચૌહાણ.**
**બીજા પક્ષકાર તરફે : વિઘ્વાન પ્રતિનિધિ શ્રી જે.એન. યાદવ.**

**બાબત :– <u>ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ ની કલમ ૧૦(૧) અન્વયે</u>**

## –: એવોર્ડ :–

(૧) હાલનો આ ઔદ્યોગીક વિવાદ નાયબ શ્રમ આયુકત સુરતનાંએ તેમનાં તા.૧૮/૫/૧૯૯૯ નાં હુકમ ક્રમાંક કે.એચ.એસ./એચ./એમ.સી./આઈ.ડી.એ. /સુ/૧૨/૧૯૯૯ અન્વયે આ ઔદ્યોગીક ન્યાય પંચ સમક્ષ ન્યાય નિર્ણય અર્થે મોકલેલ છે. જેની અનુસુચિ નીચે મુજબ છે.

**– : અનુસૂચિ : –**

**નીચે જણાવેલ ૪ કામદારોને કોઈ પણ જાતના કારણ આપ્યા વગર એકાએક કામ આપવાનું બંધ કરેલ છે તો તેઓને તાત્કાલિક કામ આપી જેટલા દિવસ કામ ન આપે ત્યાં સુધીનો પૂરેપૂરો પગાર તેઓને કામ કરેલ છે તેમ ગણી આપવો કે કેમ ?**

**કામદારોના નામ :–**

**(૧) શ્રી રૂપાભાઈ કે. ગામીત**

**(૨) શ્રી વીલીયાભાઈ એમ. ગામીત**

**(૩) શ્રી સુરજીભાઈ સી. ગામીત,**

**(૪) શ્રી નીતીનભાઈ કે. પટેલ**

(૨) આ કામે પ્રથમ પક્ષકાર ધ્વારા આંક–૧૧ થી અરજી આપી પ્રથમ પક્ષકાર સંસ્થાનું નામ ગુજરાત વિદ્યુત કોર્પોરેશન લી. થયેલાનું જાહેર કરેલ છે.

(૩) આ કામમાં બીજા પક્ષકાર તરફે આંક–૯ થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે. જેની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામમાં હવે પછી બીજા પક્ષકાર યુનિયનને 'પંચાયત' તરીકે તથા ગુજરાત વિદ્યુતબોર્ડને 'બોર્ડ' તરીકે દર્શાવેલ છે. સંબંધિત કામદારો બોર્ડના કાયમી કર્મચારીઓ છે. તેઓને બોર્ડ ધ્વારા ઘણા વર્ષો પહેલા નિમવામાં આવેલ છે. તેઓ જે કામગીરી કરે છે તે કાયમી પ્રકારની છે. બોર્ડ ધ્વારા ગેરકાયદેસર રીતે તેઓને કામ આપવાનું બંધ કરેલ છે. આ અંગે કોઈ કારણ જણાવેલ નથી. આ કામદારોને કયારેય છૂટા કરવામાં આવેલ નથી. બોર્ડ ધ્વારા કામ ન આપવું તે ગેરકાયદેસર અને અનફેર છે. જે હકીકતે રેફરન્સ મંજુર કરવા તથા રેફરન્સ ખર્ચ પેટે રૂા.૧૦,૦૦૦/– અપાવવા દાદ માંગેલ છે.

(૪) આ કામે પ્રથમ પક્ષકાર દવારા આંક–૧૦ થી અને ત્યારબાદ માંગણાના નીવેદનનો સુધારેલ જવાબ આંક–૬૧ થી રજુ કરેલ છે. જેમાં માંગણાના નીવેદનની હકીકતોનો ઈન્કાર કરી એવી તકરાર લીધેલ છે કે, બીજા પક્ષકારને કહેવાતો રેફરન્સ કરવાનો કે માંગણાનું નિવેદન રજુ કરવાનો કાયદા પ્રમાણે અધિકાર નથી. બીજા પક્ષકાર યુનિયનને પ્રથમ પક્ષકારે કયારેય માન્યતા આપેલ ન હતી. આમ, આ

યુનિયન પ્રથમ પક્ષકાર સંસ્થામાં માન્યતા ધરાવતું ન હતું. પ્રથમ પક્ષકારના કેટલાક વિસ્તારમાં બી.આઈ.આર. એકટ લાગુ પડે છે. જેથી આ કાયદા હેઠળ માન્યતા ધરાવતા યુનિયનને જ કામદારો વતી અરજી કરી સહી કરવા અધિકાર પ્રાપ્ત થાય છે. વળી, બોર્ડે કેટલાક યુનિયનને માન્યતા આપી તેની સાથે એગ્રીમેન્ટ કરેલ છે. બીજા પક્ષકાર ધ્વારા ઘણા કામદારો વતી એક રેફરન્સ કરવામાં આવેલ છે જે કાયદેસર નથી. રેફરન્સને ડીલે, વેવર, એસ્ટોપલ તથા રેસજયુડીકેટાનો બાધ નડે છે. ખરી હકીકતે, રેફરન્સમાં જે વ્યકિતના નામ જણાવેલા છે તે વ્યકિતને બોર્ડે પોતાના કામદાર તરીકે કામે રાખેલ ન હતા કે કોઈ હુકમ આપેલ ન હતા કે તેમણે બોર્ડમાં કર્મચારી તરીકે કામ કરેલ ન હોય તેમનો બોર્ડ સાથે નોકર માલીકનો સંબંધ અસ્તિત્વમાં નથી. સંબંધિત કામદારોને કયારથી કાઢી મુકેલા કે કયારથી કામ આપવાનું બંધ કરેલ છે અથવા તો કયા કોન્ટ્રાકટમાં કઈ તારીખથી કામ કરતા હતા તે હકીકત જાણીબુઝીને જણાવેલ નથી. સંબંધિત કામદારોએ બોર્ડમાં ચાલતા કોન્ટ્રાકટમાં કામ કરેલ હોય તો તે કોન્ટ્રાકટરનું નામ અને પુરાવો રજૂ કરવો જોઈએ. બોર્ડમાં કાયમી કર્મચારીની ભરતી કરવા માટે જાહેર ખબર આપી અરજીઓ મંગાવવામાં આવે છે. સંબંધિત કામદારોના કિસ્સામાં આવી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. જેથી કામ આપવાનું બંધ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આ તમામ સંજોગોમાં રેફરન્સમાં જણાવેલ કારણો બનાવટી અને ઉપજાવી કાઢેલ હોય કરેલ ડિમાન્ડમાં કોઈ તથ્ય નથી. સંબંધિત કામદારોએ કોઈ પુરાવો રજૂ કરેલ ન હોય બોર્ડના કોન્ટ્રાકટમાં કામ કરેલ હશે જેથી બોર્ડ સામે કોઈ દાદ મળી શકતી નથી. સંબંધિત કામદારોએ આ જ પ્રકારની દાદ સ્પે.સી.એ.નં.૧૧૦૦૨/૯૫ માં નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ માંગેલ છે. જે અરજી હાલ પડતર હોઈ રેફરન્સને રેસજયુડિકેટાનો બાધ નડે છે. બોર્ડના કર્મચારીઓને નિમણૂકપત્ર, ઓળખપત્ર, પગારચિઠ્ઠી વિગેરે આપવામાં આવે છે અને તેઓનો પ્રો. ફંડ કપાત કરવામાં આવે છે. તે જ રીતે જો કોઈ કામદાર કોઈ પણ કોન્ટ્રાકટમાં કામ કરતો હોય તો તે કોન્ટ્રાકટર ધ્વારા તેમને ગેટપાસ, ઓળખકાર્ડ, હાજરી કાર્ડ આપવામાં આવે છે તથા પગાર કોન્ટ્રાકટર મારફત ચુકવાય છે. મજુર અધિકારી ધ્વારા પ્રથમ પક્ષકાર સંસ્થાની મુલાકાત લઈ બોર્ડ કાયદાનું પાલન કરે છે કે નહી તેની ચકાસણી કરવામાં આવે છે. જેથી કોઈ કામદારની ખોટી

રીતે ભરતી કરવાનો કે ખોટા અને બોગસ રીતે કોન્ટ્રાકટ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જે તમામ હકીકતે રેફરન્સ ખર્ચ સહ રદ કરવા અરજ ગુજારેલ છે.

(૫) આ કામે બીજા પક્ષકાર તરફે પક્ષ નિવેદનના સમર્થનમાં આંક–૨૧ થી સંબંધિત કામદાર શ્રી રૂપાભાઈ કે. ગામીતની સી.પી.એફ.ની સને ૨૦૦૯–૧૦ ની નકલ તથા આંક–૨૬ થી ગેટપાસની નકલ રજૂ કરેલ છે તથા આંક–૧૭ થી સંબંધિત કામદાર શ્રી રૂપાભાઈ કે. ગામીતની સોગંદ ઉપર જુબાની થયેલ છે. જયારે પ્રથમ પક્ષકાર તરફે આંક–૧૮ થી કોન્ટ્રાકટર મે. મેકોલ એફ.ઈ.એમ.ડબલ્યુ વર્કસ ધ્વારા ગેટપાસ અંગે આપેલ અરજીની નોંધ, કોન્ટ્રકટ લેબર એકટ હેઠળ મેળવેલ લાયસન્સ તથા આ કોન્ટ્રાકટરને તા.૩૧/૩/૯૨ ના રોજ અપાયેલ વર્કઓર્ડરની નકલ, આંક–૧૯ થી સંબંધિત કામદારોને કોન્ટ્રાકટર ધ્વારા અપાયેલ નોટીસ / ચેતવણી પત્ર, વર્ક ઓર્ડર તથા મેસર્સ સ્કાયવીન ઈરેકટર્સનું માર્ચ–૯૬ નું કામદારોનું પી.એફ.શેડયુલ તથા આંક–૩૯ થી રેફરન્સ આઈ.ટી.નં.૫૧/૯૬ ના કામે સાહેદ રોહિત નગીનભાઈ રાઠોડની જુબાનીની નકલ રજૂ કરેલ છે તથા આંક–૫૩ થી સાહેદ કલ્પેશકુમાર બાબુભાઈ જરીવાલાની સોગંદ ઉપર જુબાની થયેલ છે.

(૬) પક્ષકારોનાં પક્ષનિવેદનો વંચાણે લેતા હાલનાં રેફરન્સનાં ન્યાય નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

<u>મુદાઓ :–</u>

(૧) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, તેઓ પ્રથમ પક્ષકારના કામદારો છે ?

(૨) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, પ્રથમ પક્ષકાર ધ્વારા સંબંધિત કામદારને કોઈ પણ જાતનું કારણ દર્શાવ્યા સિવાય કે નોટીસ આપ્યા સિવાય કામ આપવાનું બંધ કરેલ હોય તાત્કાલિક કામ આપી જયા સુધી કામ ન આપે ત્યાં સુધીનો પૂરેપૂરો પગાર ચુકવી આપવો જોઈએ ?

(૩) શું હુકમ ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓનાં મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

**નિર્ણયો :–**

(૧) નકારમાં,

(૨) નકારમાં,

(૩) આખરી હુકમ મુજબ

(૮) બીજા પક્ષકાર તરફે દલીલ સમયે કોઈ હાજર નથી. પ્રથમ પક્ષકાર તરફે વિ.વ.શ્રી કિરણભાઈ ચૌહાણને સાંભળ્યા.

**– : : કારણો :: –**

(૯) **મુદા નં. ૧ તથા ર :–**

પક્ષકારોના પક્ષનિવેદનો વંચાણે લીધા. બીજા પક્ષકારના કેસ મુજબ સંબંધિત ૪ કામદારો પ્રથમ પક્ષકાર સંસ્થા બોર્ડના કાયમી કર્મચારીઓ છે. તેઓને બોર્ડ ધ્વારા ઘણા વર્ષો પહેલા નિમવામાં આવેલ છે. તેઓ ઘણા વર્ષથી કાયમી પ્રકારની કામગીરી કરે છે અને તેઓને કોઈપણ જાતના કારણ વગર બોર્ડ ધ્વારા કામ આપવાનું બંધ કરેલ છે. જયારે પ્રથમ પક્ષકારના બચાવ મુજબ તેઓએ સંબંધિત કામદારોને કયારેય કામે રાખેલ નથી. જેથી સંબંધિત કામદારો અને તેઓ વચ્ચે નોકર માલીકનો સંબંધ નથી. આ કામદારોએ કદાચ બોર્ડના કોન્ટ્રાકટર હેઠળ કામ કરેલ હશે.

આ કામે કેસની હકીકતો ધ્યાને લેતા સરળતા ખાતર મુદ્દા નં.૧ તથા ર ની સાથે ચર્ચા કરેલ છે.

બીજા પક્ષકાર ધ્વારા પક્ષનિવેદનના સમર્થનમાં આંક–૧૭ થી સંબંધિત કામદાર રૂપાભાઈ કાછીયા ગામીતનો સોગંદ ઉપર પુરાવો રજૂ થયેલ છે તથા આંક–ર૧ થી સંબંધિત કામદાર શ્રી રૂપાભાઈ કે. ગામીતની સી.પી.એફ.ની સને ર૦૦૯–૧૦ ની નકલ તથા આંક–ર૬ થી ગેટપાસની નકલ રજૂ કરેલ છે. જયારે પ્રથમ પક્ષકાર તરફે સાહેદ કલ્પેશકુમાર બાબુભાઈ જરીવાલાની આંક–પ૩ થી જુબાની થયેલ

છે તેમજ આંક–૧૮ તથા આંક–૧૯ ના લીસ્ટથી સંબંધિત કામદારો કોન્ટ્રાકટર નીચે કામ કરતા હોવાના આધારો રજૂ કરેલ છે.

સંબંધિત કામદાર રૂપાભાઈ કાછીયા ગામીતે તેમની આંક–૧૭ ની ઉલટતપાસમાં જાહેર કરેલ છે કે, હું મારા પૂરતી જુબાની આપું છું. આમ, આ કામે ૪ સંબંધિત કામદારો પૈકી ફકત સંબંધિત કામદાર રૂપાભાઈ કાછીયા ગામીતનો એક કામદાર પુરતો જ મૌખિક પુરાવો રજૂ થયેલ છે.

આ કામદારે સરતપાસમાં જાહેર કરેલ છે કે, સને ૧૯૮૩ માં તેઓનું નામ કે.વી. પટેલ એટલે કે મેકોલના ચોપડામાં હતું. ત્યારબાદ તેઓનું નામ સ્કાયવીનના ચોપડામાં હતું. આ મેકોલમાંથી સ્કાયવીનના ચોપડામાં તેઓનું નામ તબદીલ કરતા સમયે કોઈપણ જાતના હકક હિસ્સાના નાણા તેઓને આપવામાં આવેલ ન હતા. તેઓએ ઉલટતપાસમાં કબૂલ કરેલ છે કે, તેઓ તથા તેમની સાથેના તમામ કામદારો મેકોલ કોન્ટ્રાકટરને ત્યાં કામગીરી કરતા હતા. તેઓએ ઉલટ તપાસમાં કબૂલ કરેલ છે કે, તેઓ તા.૧૬/૭/૮૪ ના રોજ મેકોલ કોન્ટ્રાકટરને ત્યાં દાખલ થયેલ હતા. તેઓએ કબૂલ કરેલ છે કે, સને ૧૯૯૨ માં ૪૭ દિવસ નોકરીમાં ગેરહાજર રહયા ત્યારે મેકોલ કોન્ટ્રાકટરે માર્ક–૧૯/૧ વાળી નોટીસ આપેલી. માર્ક–૧૯/૧૫ ના લીસ્ટમાં જણાવેલ ૨૧ માણસો સ્કાયવીન કોન્ટ્રાકટરને ત્યાં તેમની સાથે કામ કરતા હતા. તેઓ મેકોલ કોન્ટ્રાકટરને ત્યાં અને સ્કાયવીન કોન્ટ્રાકટમાં બીલ મેઈન્ટેનન્સનું કામ કરતા હતા. તેઓએ એમ પણ કબૂલ કરેલ છે કે, મદદનીશ મજુર કમિશ્નરમાં કોન્ટ્રાકટરના માણસને જી.ઈ.બી.ના કર્મચારી ઠેરવવા માંગણી કરેલ. કામની ભૂલચૂક થાય તો કોન્ટ્રાકટરના સુપરવાઈઝર તેઓને બતાવતા હતા. કોલ મીલની માલીકી, જગ્યા જી.ઈ.બી.ની હોવાથી તેઓ જણાવે છે કે, તેઓ જી.ઈ.બી.માં કામ કરતા હતા. પ્રથમ પક્ષકાર તરફે આંક–૧૯ થી સંબંધિત કામદારોને અપાયેલ નોટીસ / ચેતવણી પત્રો રજૂ કરેલ છે. બીજા પક્ષકાર તરફે આંક–૨૧ થી રજૂ થયેલ સી.પી.એફ.ની સ્લીપ વંચાણે લેતા તે સંબંધિત કામદાર આર.કે. ગામીત સ્કાયવીન ઈરેકટર્સના કામદાર હોવાનું તથા આંક–૨૬ નો ગેટપાસ વંચાણે લેતા શ્રી આર.કે. ગામીત મેકોલ કોન્ટ્રાકટરમાં કામ કરતાનું જણાય આવે છે. આમ, પક્ષકારો તરફે રજૂ થયેલ

દસ્તાવેજી પુરાવા તેમજ સંબંધિત કામદારે સરતપાસમાં જાહેર કરેલ તથા ઉલટતપાસમાં કરેલ કબૂલાતોથી સંબંધિત કામદારો કોન્ટ્રાકટરના કામદારો હોવાનું તારણ થાય છે.

સંબંધિત કામદાર રૂપાભાઈ કાછીયા ગામીતે આંક–૧૭ ની સરતપાસમાં તેઓ સને ૧૯૮૩ થી નોકરી કરતાનું અને તેઓએ ૧૧ વર્ષ સળંગ નોકરી કરેલાનું જાહેર કરેલ છે. વધુમાં થર્મલ પાવર સ્ટેશન ખાતે ૫ બોઈલર હોવાનું, આ બોઈલરમાં કોલ મીલો હોવાનું, કોલ મીલમાં કોલસો દળવાની કામગીરી થતાનું, કોલસાની ભૂકી ગરમ હવા ધ્વારા બોઈલરમાં ફૂંકવામાં આવે, કોલ મીલમાં કોલસો દળવામાં આવે તેના કારણે કેટલીક વખત કોલ મીલ જામ થઈ જાય જેથી કોલ મીલને ખોલી કાર્યરત કરવાની કામગીરી વારંવાર કરવી પડે, કોલ મીલમાં ન દળાયેલ કોલસાને રીજેકટ કોલ કહેવાય. જે નીચે પડતા ઘણી વખત કોલ મીલ જામ થઈ જતાનું અને તેથી તાત્કાલિક કોલ બહાર કાઢવો પડતાનું કામ કરતાનું, કોલસો દળવા માટે જે છરા વપરાય છે તે સતત ઘસાતા હોઈ તે બદલવા પડે છે તેમજ કોલ મીલમાં જે નોઝલો હોય છે કે જેમાંથી કોલસાની ભૂકી બોઈલરમાં ફૂંકવામાં આવે છે તે નોઝલો પણ વારંવાર બદલવી પડે છે. આમ, મેઈનટેનન્સની કામગીરી સતત કરવી પડે છે તે કામગીરી તેઓ કરતા હતા. બીજા પક્ષકારે સોગંદ ઉપર જાહેર કરેલ આ હકીકતોને પ્રથમ પક્ષકાર ધ્વારા ઉલટતપાસમાં પડકારવામાં આવેલ નથી. આ કામે પ્રથમ પક્ષકારે સંબંધિત કામદારની ઉલટતપાસમાં આ કામદારો મેકોલ કોન્ટ્રાકટરને ત્યાં અને સ્કાયવીન કોન્ટ્રાકટમાં મીલ મેઈનટેનન્સનું કામ કરતા હોવાનું કબૂલ કરાવેલ છે. જેનાથી એ બાબત સ્પષ્ટ થાય છે કે, સંબંધિત કામદારો પ્રથમ પક્ષકારની આ કામગીરી કોન્ટ્રાકટર મારફત કરતા હતા.

બીજા પક્ષકારે સંબંધિત કામદારો નોકરીમાં કયારે દાખલ થયેલા કે તેઓને કયારથી કામ આપવાનું બંધ કરેલ તેવી કોઈ હકીકત માંગણાના નિવેદનમાં જાહેર કરેલ નથી. સંબંધિત કામદાર રૂપાભાઈ કાછીયા ગામીતે આંક–૧૭ ની સોગંદ ઉપરની સરતપાસમાં તેઓ સને ૧૯૮૩ થી નોકરી કરતાનું અને તેઓએ ૧૧ વર્ષ સળંગ નોકરી કરેલાનું જાહેર કરેલ છે. આ સાહેદે ઉલટતપાસમાં પૂછવાથી જાહેર કરેલ છે કે,

મને કઈ તારીખે કામ આપવાનું બંધ કરેલ તે વર્ષ તારીખ યાદ નથી. તેઓ પાસેથી ગેટપાસ લઈ લીધેલ તે કઈ સાલમાં લઈ લીધેલ તે ખબર નથી. તેઓએ સરતપાસમાં જાહેર કરેલ હકીકતોથી તેઓ સને ૧૯૯૪ સુધી ફરજમાં હોઈ તેમ જાહેર કરતા હોય તેવું ગર્ભિત જણાય આવે છે. પરંતુ તેઓને ચોકકસ કોણે અને કઈ તારીખે કામ આપવાનું બંધ કરેલ તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આમ, સંબંધિત કામદાર રૂપાભાઈ કાછીયા ગામીત તેઓને કામ આપવાનું બંધ કરેલ તેવું પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

મે ઉપર જણાવ્યું તેમ અન્ય ૩ કામદારો તરફે કોઈ પુરાવો રજૂ થયેલ નથી. વધુમાં જોવામાં આવે તો પ્રથમ પક્ષકાર તરફે સંબંધિત ૪ કામદારો પૈકી સંબંધિત કામદાર શ્રી વીલીયમ એમ. ગામીત અને શ્રી નીતીન પટેલે  અનુક્રમે તા.૨૭/૧/૯૫ તથા તા.૭/૨/૯૫ ના રોજ મે. સ્કાયવીન ઈરેકટર્સને રાજીનામું આપી છૂટા થયાના આધાર માર્ક–૧૯/૧૨ તથા માર્ક–૧૯/૧૩ થી રજૂ કરેલ છે તથા આ હકીકત આંક–૫૩ ની સોગંદ ઉપરની સરતપાસમાં જાહેર કરેલ છે જેને બીજા પક્ષકાર ધ્વારા ઉલટતપાસમાં પડકારવામાં આવેલ નથી. પ્રથમ પક્ષકારના સાહેદે આ કામદારોને છૂટા કરતા પહેલા કોન્ટ્રાકટરે નોટીસ આપેલાનું જાહેર કરી બે કામદારોએ જાતે રાજીનામું આપેલાનું તેમજ બે કામદારોને નોટીસ આપેલાનું જાહેર કરેલ છે તે બાબતને પણ બીજા પક્ષકાર ધ્વારા ઉલટતપાસમાં પડકારવામાં આવેલ નથી.

વધુમાં જોવામાં આવે તો બીજા પક્ષકાર તરફે રજૂ થયેલ આંક–૧૭ ના મૌખિક પુરાવામાં પેરા–૧૨ માં સંબંધિત કામદારનું નામ એક કોન્ટ્રાકટરના ચોપડામાંથી બીજા કોન્ટ્રાકટરના ચોપડામાં તબદીલ કરેલાનું જાહેર કરવા છતા આવા કોન્ટ્રાકટરોને આ કામે પક્ષકાર તરીકે જોડવામાં આવેલ નથી.

રેફરન્સની અનુસૂચિ વંચાણે લેતા બીજા પક્ષકારનો એવો પણ કેસ નથી કે, સંબંધિત કામદારો બોર્ડના કામદારો છે અને બોર્ડ ધ્વારા કહેવાતા કોન્ટ્રાકટરોના કામદાર તરીકે કામે લીધેલ છે કે જે કોન્ટ્રાકટ શામ, બોગસ અને કોમોફલેગ હોય સંબંધિત

કામદારોને બોર્ડના કામદાર ગણી કામ આપવાનું બંધ કરેલ છે ત્યારથી કામ આપે ત્યાં સુધીનો પગાર ચુકવી કામે લેવા જોઈએ.

ઉપરોક્ત તમામ ચર્ચા મુજબ સંબંધિત કામદાર રૂપાભાઈ કાછીયા ગામીત પ્રથમ પક્ષકાર સંસ્થાના કામદાર હોવાનું અને તેઓને કઈ તારીખે કોણે કામ આપવાનું બંધ કરેલ તે પુરવાર કરી શકેલ ન હોય તેમજ અન્ય ૩ કામદારો તરફે પુરાવો રજૂ થયેલ ન હોય બીજા પક્ષકાર રેફરન્સની અનુસુચીમાં જણાવેલ કોઈ દાદ મેળવવા હકકદાર ન હોય મુદૃા નં.૧ તથા ર નો જવાબ નકારમાં ઠરાવી મુદૃા નં.૩ અંગે નીચે મુજબ હુકમ કરું છું.

## <u>–:: હુકમ ::–</u>

**(૧) બીજા પક્ષકારનો સદરહુ રેફરન્સ નામંજુર કરવામાં આવે છે.**

**(ર) રેફરન્સ કેસના સંજોગો જોતાં ખર્ચ અંગે કોઈ હુકમ નથી.**

**સ્થળ : સુરત**
**તારીખ : ૧–૧૧–ર૦૧૮**

**( કિરીટ પ્રભુલાલ જાની )**
**જી.જે.૦૦૫૦૩**
**ઔદ્યોગિક ન્યાયપંચ,**
**સુરત.**